## જન્મદિને વધામણી



રાજવી દિક્ષિતકુમાર પ્રજાપતિ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## ડાયરેક્ટ ❤ સે

ઉણપ હોઈ શકે એની આંખોમાં
બાકી મને પસંદ ન કરે
એવી નજર મેં જોઈ નથી !

# વડનગરનું નામ ગીનિઝ બૂક ઑફ વર્લ્ડ રેકર્ડ્સમાં





## ૬ વર્ષથી શરૂ કરીને ૮૬ વર્ષના ૬૪૦ કલાકારોએ એકસાથે હાર્મોનિયમ વગાડી રૅકર્ડ બનાવ્યો

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુરુવારે વડગરમાં જણાવ્યું હતું કે, હાર્મોનિયમ એ ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ છે અને આજે વડનગરના શર્મિષ્ઠા તળાવ ઉપર એક સાથે ૬૪૦ હાર્મોનિયમ વાદકોએ રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીતની ધુન વગાડીને ગીનીઝ વર્લ્ડ બૂકમાં સ્થાન અપાવ્યું છે અને ગુજરાતને વૈશ્વિક ઓળખ અપાવી છે.

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રી શ્રી મહેશ શર્માએ પોતાના વ્યકતવ્યમાં જણાવ્યું હતુ કે, વડનગરની ધરતી આવનારા દિવસોમાં ઉંચાઈના નવા શિખરો સર કરશે.

આ પ્રસંગે ઉપસ્થિત ગિનીઝ વર્લ્ડબુકના અધિકારી રૂષિનાથે વડનગરમાં એક સાથે ૬૪૦ હાર્મોનિયમ વાદકોએ સતત પાંચ મિનિટથી વધુ સમય વંદે માતરમ અને ત્યારબાદ રાષ્ટ્રગીત વગાડીને નવો વિશ્વ વિક્રમ હાંસલ કર્યાની જાહેરાત કરી હતી અને તેનો ઘોષણા પત્ર મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આપી મુખ્યમંત્રીશ્રી તથા જિલ્લા પ્રશાસનને અભિનંદન પાઠવ્યા હતા.

સાંસ્કૃતિક નગરી વડનગરે ગુરુવારે સંગીત ક્ષેત્રે સિદ્ધિનાં વૈશ્વિક સોપાનો સર કર્યા છે અને ગીનીઝ વર્લ્ડ બૂકમાં સંગીતની દુનિયામાં પોતાનું નામ રોશન કરેલ છે. તાના રીરી મહોત્સવ-૨૦૧૬ના સમાપનના દિવસે વડનગર ખાતે આવેલ શર્મિષ્ઠા તળાવ ઉપર ગુરુવારે સાંજે ૬૪૦ જેટલા વાદકોએ સતત પાંચ મિનીટથી વધુ સમય સુધી હાર્મોનિયમ ઉપર વંદેમાતરમની ધુન વગાડી હતી અને છેલ્લે રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમ સંપન્ન કર્યો હતો. જેને ગીનીઝ વર્લ્ડ બૂકની ટીમે નોંધ લઈ એવોર્ડ અર્પણ કર્યો હતો.

જિલ્લા વહિવટીતંત્ર શ્રી આલોક કુમારના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયેલ આ કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે આ કલાકારો મહેસાણા જિલ્લાના આજુબાજુ ગ્રામ્ય વિસ્તારના હતા અને તેમાં કેટલાક દિવ્યાંગ કલાકારોનો સમાવેશ પણ થતો હતો.

જે હાર્મોનિયમ વાદકોએ મહેસાણા જિલ્લાના વડનગરને ગીનીઝ વર્લ્ડ બૂકમાં સ્થાન અપાવ્યુ છે તેમાં સૌથી નાની ઉંમરના ૩ કુમાર વાદકો ૨ કન્યા વાદકો છે જયારે સોથી મોટી ઉંમરના ૭૬થી ૮૬ વર્ષના બે અને ૧૫ જેટલા પ્રજ્ઞાચક્ષુ વાદકોનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય બાબત છે કે અગાઉનો ગીનીઝ વર્લ્ડ બૂકનો રેકોર્ડ ૨૫૦ વ્યક્તિનો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેકટર આલોક કુમારે શર્મિષ્ઠા તળાવ ખાતે યોજાયેલ આ કાર્યક્રમની કેવી રીતે તૈયારી કરવામાં આવી તેની વિગતો આપી હતી.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર, રમત ગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, સંગીત અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી, યુવક સેવા સચિવ શ્રી વી.બી.પટેલ અને આમંત્રિતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## 'માઈકા'માં ડૉ. ફિલીપ કિચનનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૧

માર્કેટિંગના ભવિષ્ય પર અસર છોડનારા દુનિયાના ૫૦ શ્રેષ્ઠ માર્કેટિંગ ગુરુઓમાંના એક ડૉ. ફિલીપ કિચનનું બુધવારે માઈકા, અમદાવાદ ખાતે વ્યાખ્યાન યોજાયુ હતું.

માર્કેટિંગ સામેના પડકારો વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, 'માર્કેટની ગેમ જીતવા માટે માંગ તરફી ઉત્કૃષ્ટતા મેળવવી અગત્યની છે. મતલબ કે, માર્કેટમાં કઈ બાબતની માગ છે, તે પારખીને એ બાબતમાં તમારે કૌશલ્ય મેળવવું જોઈએ.' તેઓ માને છે કે, 'આજના સમયમાં કોઈ પણ વેપાર માટે દરેક ક્ષેત્રના કમ્યુનિકેશનમાં નિપુણતા જરૂરી છે, માત્ર સ્થાનિક કે રાષ્ટ્રીય કક્ષાએ નહિ. દરેક બાબતને વૈશ્વિક દૃષ્ટિકોણથી જોવી જરૂરી છે. ઈલેક્ટ્રોનિક મીડિયાની વાત કરીએ તો ગતિ, સમયગાળો અને લોકો સુધીની પહોંચમાં તમે માત્ર સ્થાનિક કે રાષ્ટ્રીય બાબતો પર આગળ વધી ન શકો. તમારે વૈશ્વિક સ્તરે દરેક બાબતને જોવી જોઈએ. તે ઉપરાંત કોઈ એક જ માર્કેટિંગ સ્ટાઈલ પણ હવે નહિ ચાલે, તમારે દરેક પાસા વિશે વિચારવું પડશે.'

### એઍફઍસ, જુસિકા અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાના સંયુક્ત ઉપક્રમે

# વૃધ્ધાશ્રમના વડીલો માટે પ્રવાસ





## મધુર ડેરીએ વડીલોનો પોંખ્યા તો વિધાનસભાની મુલાકાતથી વડીલો રોમાંચિત

ગાંધીનગર, તા. ૧૧

અમેરિકન ફિલ્ડ સર્વિસ (એઍફઍસ) સંસ્થા દ્વારા સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા અને જુનિયર સિટિઝન કાઉન્સિલના સહયોગથી શુક્રવારે પેથાપુર સ્થિત કૈલાસધામ વૃધ્ધાશ્રમના વડીલો માટે આનંદ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસ દરમ્યાન વડીલોને મધુર ડેરી અને વિધાનસભાની મુલાકાત કરાવવામાં આવી હતી. મધુર ડેરીની મુલાકાત દરમ્યાન ડેરીની વિવિધ પ્રોડક્ટ્સ કેવી રીતે તૈયાર થાય છે તેનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. ડેરી ખાતે વહીવટી ઈન-ચાર્જ મેનેજર હંસાબેન પટેલ આસી. ઈન-ચાર્જ વઘાસિયાભાઈએ વડીલોને ડેરીના ઈતિહાસ, પ્રોડક્ટ્સ તેમજ તેની કાર્યપદ્ધતિથી માહિતગાર કર્યા હતા. સૌ વડીલો માટે મધુર ડેરી તરફથી ફ્લેવર્ડ મિલ્ક, આઈસક્રીમ તથા ચ્હાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

ત્યારબાદ વિધાનસભાની મુલાકાતથી વડીલો રોમાંચિત થઈ ઊઠ્યા હતા. મોટાભાગના વડીલો એવા હતા જેમણે વિધાનસભા ગૃહ જોયું જ ન હતું. આ વડીલોએ રસપૂર્વક વિધાનસભા ગૃહની કાર્યપદ્ધતિ વિશે માહિતી પ્રાપ્ત કરી હતી તથા આ યાદગાર પ્રવાસ માટે આયોજક સંસ્થાઓનો આભાર માન્યો હતો.

આ પ્રવાસ કાર્યક્રમનું સફળ આયોજન, સંચાલન એઍફઍસ, ગાંધીનગરના કેવલ ગજ્જર, અનિષ મંકોડી તેમજ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. એઍફઍસના સ્ટુડન્ટ ઍક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત ઈટલીથી આવેલાં વિદ્યાર્થીઓ ઍલેક્ઝાન્ડ્રો, અનિતા અને આના સાથે પણ સ્નેહ મુલાકાત કરીને આ વડીલોએ એક નવો જ અનુભવ પ્રાપ્ત કર્યો હતો.

# તાલીમી શિક્ષકો વગરની શાળાઓ દંડાશે

ગાંધીનગર, તા. ૧૧

રાજયની ખાનગી પ્રાથમિક શાળાઓમાં પીટીસી-બી.એડ થયેલા ઉમેદવારોને જ નોકરી પર રાખવાનો નિયમ હોવાછતાં અનેક પ્રાથમિક શાળાઓમાં નિયમોનો ભંગ કરીને ગ્રેજ્યુએટ અથવા તો કોલેજ કરતાં ઉમેદવારો પાસે શિક્ષક તરીકે નિમણૂક આપી દેવામાં આવી હોવાની વિગતો પ્રાથમિક શિક્ષણ નિયામકની તપાસમાં બહાર આવ્યું છે. આ ઘટના બાદ શિક્ષણ વિભાગ દ્વારા નવેસરથી પરિપત્ર જાહેર કરીને પ્રાથમિક શાળાઓમાં ફરજિયાત તાલીમી શિક્ષકોની જ ભરતી કરવા આદેશ કરાયો હતો. જે શાળાઓ આ આદેશનું પાલન ન કરે તેની સામે કાયદાકીય પગલાં લેવા ઉપરાંત પેનલ્ટી કરવાનો પણ નિર્ણય કરાયો હતો. રાજયની પ્રાથમિક શાળાઓમાં માત્ર તાલીમી શિક્ષકો એટલે કે પીટીસી અને બી.એડ. થયેલા ઉમેદવારોની જ ભરતી કરી શકાય છે. આમ છતાં મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં આ નિયમોનુ કોઈ પાલન જ કરવામાં આવતું નથી એવું જોવામાં આવ્યું છે.

તાલીમી શિક્ષકોને વધારે પગાર આપવો પડતો હોવાથી શાળા સંચાલકો પગાર ઓછો આપવો પડે તે માટે માત્ર બી.એ. કે બી.કોમ થયેલા અથવા તો અમુક કિસ્સાઓમાં ધો.૧૨માં કે કોલેજમાં અભ્યાસ ચાલુ હોય તેવા લોકોને પણ શિક્ષક તરીકે નોકરી આપી દેતાં હોય છે. ખાસ કરીને રાજયના જુદા જુદા જિલ્લાઓ અને તાલુકા કક્ષાની પ્રાથમિક શાળાઓમાં આ પ્રકારની કામગીરી ચાલતી હોય છે. તાજેતરમાં જામનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મોટાપાયે આ પ્રકારના શિક્ષકોની ભરતી થઈ હોવાની ફરિયાદ મળી હતી. જેના અનુસંધાનમાં તાજેતરમાં ચકાસણી હાથ ધરવામાં આવી હતી. અનેક શાળાઓમાં તાલીમી અને ટ્રેઈન શિક્ષકોના બદલે યોગ્ય લાયકાત ધરાવતાં ન હોય તેઓ ફરજ બજાવતાં હોવાનું બહાર આવ્યુ હતુ. જેના પગલે વિભાગ દ્વારા આવી શાળાઓ સામે કડક કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે.

આ ઉપરાંત પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા રાજયની દરેક પ્રાથમિક શાળાઓને ઉદ્દેશીને એક પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા ૧૦ દિવસ પહેલા એક પરિપત્ર કરવામાં આવ્યો છે જેમાં એવી તાકીદ કરવામાં આવી છે કે, રાજયની માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓમાં આરટીઈ એક્ટ ૨૦૦૯ હેઠળ તાલીમી શિક્ષકોની જ નિમણૂક કરવાની રહેશે.

જે શાળાઓમાં તાલીમી શિક્ષકોની નિમણૂક કરવામાં આવી ન હોય તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ચકાસણીમાં કોઈ શાળામાં બીન તાલીમી શિક્ષક મળે તો પહેલા કિસ્સામાં ૧૦ હજાર અને ત્યારબાદ દરેક કિસ્સાઓમાં ૨૫ હજારનો દંડ ફટકારવામાં આવશે. આમછતાં શાળાઓ પોતાની મનમાની ચાલુ રાખે તો કાયદાકીય કાર્યવાહી કરવાની પણ ચીમકી વિભાગ દ્વારા આપવામાં આવી છે.

# યુનિ. દ્વારા ભરતીનાં ફોર્મ માટે મુદત વધારાઈ

## કલાર્ક, સિનિયર કલાર્ક, વોર્ડન સહિતની જુદી જુદી ૨૮ જગ્યાઓ પર ભરતી માટે ૧૨મી સુધી ફોર્મ જમા કરાવી શકાશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત યુનિવર્સિટીમાં જુદી જુદી જગ્યાઓની ભરતી માટે ફોર્મ બહાર પાડવામાં આવ્યા છે. આ ફોર્મ ભરવાની મુદત ૧૦મી તારીખે પૂરી થતી હતી. જોકે, ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટો પરના પ્રતિબંધના કારણે ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ફોર્મ ભરવાની મુદત વધારીને તા.૧૨મી સુધી લંબાવવામાં આવી છે. આ ઉપરાંત કોલેજોએ પરીક્ષા ફોર્મ યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહી ગયું હોય તો તેમની પાસેથી પણ દંડ નહીં લેવાનો નિર્ણય કરાયો છે.

યુનિવર્સિટીમાં કલાર્ક, સિનિયર કલાર્ક, વોર્ડન સહિતની જુદી જુદી ૨૮ જગ્યાઓ ભરવા માટે જાહેરાત આપવામાં આવી હતી. દરેક જગ્યા માટે ૨૫૦થી લઈને ૪૦૦ રૂપિયા સુધીની ફી ભરવાની સૂચના આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં ૨૮ જગ્યાઓ માટે અંદાજે ૫૦૦થી વધારે અરજીઓ આવી ચુકી છે. આ અરજીપત્રકો ભરવાની છેલ્લી તારીખ તા.૧૦મી નવેમ્બર નક્કી કરવામાં આવી હતી. જોકે, છેલ્લા બે દિવસથી ૫૦૦ અને ૧૦૦૦ની નોટો બંધ થવાના કારણે અનેક ઉમેદવારોને ફોર્મની ભરવામાં મુશ્કેલી ઉભી થઈ હતી. ઉમેદવારોની રજૂઆતોના પગલે યુનિવર્સિટી દ્વારા ફોર્મ ભરવાની મુદત વધારીને ૧૨મી નવેમ્બર કરી દેવામાં આવી છે. આમ ઉમેદવારો હવે ૧૨મી નવેમ્બર સુધી ભરતી માટેનાં ફોર્મ ભરી શકશે. આ ઉપરાંત યુનિવર્સિટી સાથે જોડાયેલી અનેક કોલેજોએ નિર્ધારીત સમયમાં પરીક્ષા ફોર્મ પરીક્ષા વિભાગમાં જમા કરાવવાના હોય છે. હાલમાં ઉભી થયેલી પરિસ્થિતિના કારણે અનેક કોલેજો ફોર્મ જમા કરાવી શકી નથી. જે કોલેજોને ફોર્મ જમા કરાવવાના બાકી છે તેની પાસેથી લેઈટ ફી નહીં લેવાય એવો નિર્ણય પણ યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

# દરેક સ્ત્રીનો પ્રશ્ન : સાસુ સારી ના મળી, વહુમાં ઠર્યા નહીં




માનવ સંસ્કૃતિ જયારથી શરૂ થઈ ત્યારથી ઐક્ય નામના સત્ત્વની શરૂઆત થઈ. ટોળાંમાંથી ક્રમશઃ પરિવારનો ખ્યાલ ઊભો થયો એટલે સહજપણે ઘરની બાબત સંબંધો અને સહાનુભૂતિ, વેદના તથા સંવેદના આધારિત ઘર અને સમાજ અમલમાં આવ્યાં ! હકારાત્મક બળોથી જે ઉત્પન્ન થાય એ ઐક્ય યુગો સુધી ચાલે પણ કોઈ ડર કે ભયથી એકતા રચાય તો એ લાંબી અવધિ સુધી ટકે નહીં. ઘર એ તમામ પ્રગતિ-વિકાસનો રનવે કહી શકાય. ઊડાન ભરવા વિમાનને રનવે અવશ્ય જોઈએ. ઘરની અંદર ઘર હોવું જોઈએ, બીજું કશું જ નહીં.

ઘરમાં રહેનાર જો ઘરમાં સુખી નથી તો દુનિયાની કોઈ તાકાત તેને સુખી કરી શકે જ નહીં. આનો અર્થ એ છે કે ઘરમાં પારિવારિક સહાનુભૂતિ, પ્રેમ, હૂંફ, મમતા, કરૂણા, વ્યવહાર એમ બધું જ હરકોઈ પરસ્પરને આપે છે ત્યારે ઘર એક મંદિર બની જાય છે. મનની શુદ્ધિ, પ્રેમની સચ્ચાઈ, ત્યાગની ભાવના, દિલનો આદર, વિચારોની ઊંચાઈ જો ઘરના આંગણે જ ગુમ થઈ જાય તો તેને બહારથી ખરીદીને લાવી શકાય નહીં. માટે જ શાસ્ત્રોમાં ગૃહસ્થાશ્રમને ધન્ય કહેવામાં આવે છે. ત્યાગી થવા કરતાં ગૃહસ્થ થઈ ઉપયોગી થવું વધારે કઠિન છે. ઘરના વ્યવહાર-કર્મ-ધર્મમાં જેને અર્ધું અંગ કહેવાયું છે તે હોય છે ઘરની પત્ની-ધર્મપત્ની. અગ્નિની સાક્ષીએ દરેક પરિસ્થિતિમાં જીવનભર જે સાથ નિભાવવાનો દૃઢ સંકલ્પ કરી સંસારમાં જોડાય એ ઘરવાળી.



સંસારમાં જોડાવું એ સ્ત્રીની જીવનયાત્રાનો અતિ મહત્ત્વનો વળાંક બની રહે છે. પોતાનાં છોડીને પારકાંને સ્વજન બનાવવામાં તે પોતાનું અસ્તિત્વ ઓગાળી નાખે છે. આ તબક્કે સમાજમાં એક પ્રશ્નો સૌ મહિલાઓ અનુભવે છે. જેમકે પોતાને સાસુ મળી તે બહુ જ ખરાબ કે નકારાત્મક છે અને વર્ષો પછી તેના જ ઘરમાં દીકરાની વહુ આવે ત્યારે એવો જ કકળાટ કરે કે આ વહુમાં અમે ઠર્યા નહીં. મતલબ કે વહુ જેવી ધારી હતી એવી મળી નહીં અને અમારો તો ભવ બગડ્યો !! કેવો વિરોધાભાસ !!

પોતે વહુ હતી ત્યારે સાસુ સારા ન મળ્યાનો રંજ અને ઉંમર થતાં પોતે સાસુ બન્યાં ત્યારે વહુનો સંતોષ મળતો નથી એનું દુખ. આ પ્રશ્ન ઉપર દરેક પરિવારની સ્ત્રીઓએ વિચાર કરવા જેવો છે. આખરે એવી કઈ માનસિકતા છે કે મહિલાઓ આ પ્રકારનો પારિવારિક અસંતોષ અનુભવે છે ? સ્ત્રી એ શક્તિ છે, તેના દરેક સ્વરૂપમાં તે ઉમદા હોય છે. તો પછી આ પ્રકારના પ્રશ્ને આપત્તિ શા માટે વ્યાપક છે ? સ્ત્રી પોતાના માટે ઉત્તમ લાગણી, શુદ્ધ સાત્ત્વિક પ્રેમ, સાચી સહાનુભૂતિ જીવનમાં સદાય ઝંખે છે. તેમાં આજની દુનિયા નિષ્ફળ જાય છે, એટલે સ્થિતિ પેચીદી બની જાય છે. લાખ ઉપમા આપો પણ એ સત્ય છે કે માનું સ્થાન કદી પણ સાસુમા લઈ શકે જ નહીં અને વહુ કદી દીકરીનું સ્થાન લઈ શકે જ નહીં. આ હકીકતનો માનસિક સ્વીકાર થતો નથી એટલે અપેક્ષા તૂટે અને દુખનો જન્મ થાય છે. પારિવારિક પ્રશ્નોમાં એક સોનેરી નિયમ બધા જો પાળે તો સુખી થવાય - કોઈપણ પ્રકારની અપેક્ષા રાખવી જ નહીં પરંતુ પોતાની ફરજ સો ટકા નિભાવવાની. બસ, તમામ દુખો ઘરમાં પ્રવેશી જ નહીં શકે.

બીજી બાબત, કદી પણ સંબંધોની બાબતમાં કોઈના ઘરની કે વ્યક્તિઓ સાથેની સરખામણી કે તુલના કરવાનું વલણ ત્યાગી દેવું પડે તો જ ઉમદા વાતાવરણ ચોક્કસ ઊભું થઈ શકે છે.

ત્રીજી બાબત એ છે કે પરિણય બાદ જે વ્યક્તિ સાસુ તરીકે પ્રાપ્ત થયેલી છે તેને મૂળ સ્વરૂપમાં પ્રેમથી સ્વીકાર્ય ગણીને પ્રેમથી તેની સાથે જીવન વ્યવહાર કરો તો એક દિવસ વૈચારિક ઐક્ય અવશ્ય પ્રાપ્ત થાય છે. પ્રત્યેક ઘર એવું ઈચ્છે છે કે પોતાની દીકરીનું સાસરિયામાં સારૂં ચાલે, તેને માનપાન મળતું રહે તો બીજી તરફ પ્રત્યેક પરિવાર દીકરાનાં લગ્ન પછી એવું ચાહે છે કે દીકરો માત્ર વહુનો જ ના થઈ જાય !

બેવડું વલણ સુખને કઈ રીતે જન્મ આપી શકે ? દીકરીને જેટલો પ્રેમ ને છૂટછાટ આપી એટલી વહુને આપી ? વહુ પણ કોઈની દીકરી છે અને એનાં પણ કેટલાંક અરમાનો છે એ કદી ધ્યાનમાં લીધું છે ? જીવનમાં 'પ્યાર બાંટતે ચલો...'ની નીતિ વાસ્તવમાં અમલી બનાવાય તો જ વ્યક્તિને અન્યો પાસેથી અવિરત પ્રેમ મળતો રહેશે.

અને છેલ્લી વાત, સંબંધમાં જયારે વધુ પડતી આશા, કાવાદાવા, લુચ્ચાઈ કે કપડ જોડાય છે ત્યારે સંબંધની ગરિમા આપઘાત કરી લે છે.

'છે બધા નજીકના સંબંધ ભરતીના લીધે,
ઓટ આવી કે તરત જ કિનારા આઘા થઈ ગયા.'

## વાચકોને આમંત્રણ
### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'મારું મધુરું બાળપણ'